અમદાવાદમાં ૨૭ વિસ્તારોમાં રાત્રી કરફ્યુ

અમદવાદમાં ૨૭ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ તાળાબંધી : અનલોક પર અંકુશઃ અમદાવાદમાં એસ.જી. હાઇવે, પ્રહલાદનગર, સિંધુભવન રોડ સહિત ૨૭ વિસ્તારોમાં તમામ દુકાનો રાતે ૧૦ વાગ્યા પછી બંધ રહેશે, ફક્ત મેડિકલની દુકાનો જ ખૂલ્લી રહેશે

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં કોરોના વાયરસના પગપેસારાને ફેલાતો અટકાવવા માટે ઓફિસર ઓન સ્પેશિયલ (જી) ડ્યૂટી ડૉ.રાજીવ ગુપ્તા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ અમદાવાદ શહેરના ૨૭ વિસ્તારોમાં રાત્ર ૧૦.૦૦ વાગ્યા પછી કોઈ પણ દુકાન ખુલ્લી નહીં રહે જેમાં દવાની દુકાનો અપવાદ છે. અમદાવાદમાં કેફે અને રેસ્ટોરાંના એપી.સેન્ટર ગણાતા આ રંગીલા વિસ્તારોમાં યુવાનોના ટોળાઓ જામતા હોવાની રાવ ઉઠી હતી અને તેના કારણે કોરોનાનો ફેલાવો વધી રહ્યો હતો.

જોકે, વધુ સ્થિતિ વણસે તે પહેલાં ગુપ્તાએ એક જોતા લૉકડાઉનનો એક નિયમ પકડીને તેને લાગુ કરી દીધો છે. દેશમાં અનલૉક ૫.૦૦ લાગુ થાય તે પહેલાં અમદાવાદમાં રાત્રે આ વિસ્તારોમાં ભીડ એકઠી ન કરવા દેવાની કવાયત શરૂ થઈ ગઈ

છે. આજે બહાર પાડેલા એક આદેશમાં ડૉ.ગુપ્તાએ આ વિસ્તારોના નામ પણ આપી દીધા છે.

આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આવેલી કચેરીમાં યોજાયેલી બેઠકમાં પાલિકાના કમિશનર મુકેશ કુમાર અને જુદા જુદા પદાધિકારીઓની હાજરીમાં ડૉ.ગુપ્તાએ આ નિર્ણય કર્યો છે. જેમાં કોવિડની ગાઇડલાઇન ભંગ થતી હોવાના કારણે આ વિસ્તારોમાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૫ દિવસ પહેલા પણ ડૉ.રાજીવ ગુપ્તાએ આ આ અંગે સંકેત આપતા કહ્યું હતું કે, અમદાવાદ શહેરમાં જાણવા મળ્યું છે કે કેટલાક લોકો જાહેરમાં માસ્ક પહેરવાનું ટાળે છે અથવા તો ખોટી રીતે માસ્ક પહેરે છે અને સોશિયલ ડિસ્ટન્સિગનો પણ ભંગ કરતા હોવાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ધ્યાનમાં આવ્યું છે. શહેરમાં ખાસ કરીને સિંધુ ભવન રોડ, પ્રહલાદનગર, એસ.જી.હાઈવે અને રિંગ રોડ પર સાંજે યુવાનોના મોટા ટોળા દેખાય છે. માસ્ક વગર અને સોશિયલ ડિસ્ટન્સિગનો ભંગ કરતા આ યુવાનોને ખાસ અપીલ છે કે, તેમના ઘરમાં રહેતા તેમના માતા-પિતા અને બીજા વયોવૃદ્ધ લોકોની સલામતી માટે માસ્ક પહેરે અને મોટા ગ્રુપમાં સોશિયલ ડિસ્ટન્સિગને જાળવે અને સાથે ગ્રુપમાં ખાવાનું પણ ટાળે. કોરોનાને અટકાવવા માટે યુવા વર્ગનો સહકાર ખૂબ જ આવશ્યક છે. અમદાવાદના બધા શહેરીજનો માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિગ જાળવે જેથી કોરોના સંક્રમણને ફેલાતા અમે અટકાવી શકીએ.

આ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ દુકાનો રહેશે બંધ

૧. પ્રહલાદનગર રોડ
૨. YMCAથી કાકે દા ઢાબા (કર્ણાવતી ક્લબ રોડ)
૩. બુટભવાની મંદિરથી આનંદનગર રોડ
૪. પ્રહલાદનગર ગાર્ડનથી પેલેડિયમ સર્કલ (કોર્પોરેટ રોડ) ● ૫. એસજી હાઈવે
૬. ઈસ્કોન ક્રોસ રોડથી શપથ ૪-૫ સર્વિસ રોડ
૭. સિંધુ ભવન રોડ ● ૮. બોપલ-આંબલી રોડ
૯. ઈસ્કોનથી બોપલ-આંબલી રોડ
૧૦. ઈસ્કોન-આંબલી રોડથી હેબતપુર રોડ વચ્ચેનો વિસ્તાર ● ૧૧. સાયન્સ સિટી રોડ
૧૨. શીલજ સર્કલથી સાયન્સ સિટી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ ઉપર
૧૩. આંબલી સર્કલથી વૈષ્ણોવદેવી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ ઉપર ● ૧૪. સીજી રોડ
૧૫. લો ગોર્ડન (ચાર રસ્તા-હેપી સ્ટ્રીટ, મ્યુનિસિપલ માર્કેટ, પંચવટી સર્કલ)
૧૬. વસ્ત્રાપુર તળાવના ફરતે
૧૭. માનસી સર્કલથી ડ્રાઈવ-ઈન રોડ ● ૧૮. ડ્રાઈવ ઈન રોડ
૧૯. ઓનેસ્ટથી શ્યામલ ક્રોસ રોડ (પ્રહલાદનગર ૧૦૦ ફૂટ રોડ)
૨૦. શ્યામલ બ્રિજથી જીવરાજ ક્રોસ રોડ
૨૧. બળિયાદેવ મંદિરથી જીવરાજ ક્રોસ રોડ ● ૨૨. IIM રોડ
૨૩. શિવરંજનીથી જોધપુર ક્રોસ રોડ (મ્ઝ્જી કોરિડોરની બંને બાજુ)
૨૪. રોયલ અકબર ટાવર પાસે
૨૫. સોનલ સિનેમા રોડથી અંબર ટાવરથી વિશાલા સર્કલ
૨૬. સરખેજ રોઝા-કેડિલા સર્કલ-ઉજાલા સર્કલ
૨૭. સાણંદ ક્રોસ રોડ-શાંતિપુરા ક્રોસ રોડ

મોડાસામાં ૭૦ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું ઈ-ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયની બધી જ મ્યુનિસિપાલટી માં ભૂગર્ભ ગટર યોજના, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૧૦૦ ટકા નલ સે જલ માટે રાજય સરકાર સંકલ્પબધ્ધ છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે. આ યોજનાના ખાતમૂર્હત સહિત સમગ્રતયા ૯૨.૭૫ કરોડના વિવિધ લોકાર્પણ- ખાતમુહૂર્તના અવસરે વીડિયો કોન્ફરન્સથી સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ સરકાર જ્યાં માનવી ત્યાં સુવિધા ના મંત્ર

સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજ્યમાં ૪૫ ટકાથી વધુ વસ્તી શહેર વિસ્તારમાં વસે છે ત્યારે આપણા શહેરો આધુનિક બને તે સાથે જ લાઈટ પાણી ગટર રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ પણ સુદ્રઢ અને સરળ હોય તેવી વ્યવસ્થાઓ વિકસાવી છે. મુખ્યમંત્રીએ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા નગરમાં ૬૯.૮૪ કરોડના ખર્ચે પ્રથમ તબક્કામાં ૧૨૪ કિલોમીટર ભૂગર્ભ ગટર સાથે કાર્યરત છે એટલું જ નહીં છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડી તેને પણ વિકસિતોની હરોળમાં લાવવા પ્રતિબદ્ધ પણ છે.

તેમણે કહ્યું કે કોરોના સંક્રમણ વચ્ચે પણ આપણે વિકાસના કામોની ગતિ અટકવા દીધી નથી. ન રુકના હૈ ના ઝુકના હૈ ના ધ્યેય સાથે આ કોરોના કાળમાં પણ ૧૧ હજાર કરોડના ઈ-લોકાર્પણ ખાતમુહૂર્ત કામો કર્યા છે. એટલું જ નહીં, નગરો મહાનગરોમાં પણ નાગરિક સુવિધા સુખાકારીના કામો માટે ડિજિટલી ચેક આપીને વિકાસ ગતિ અટકવા દીધી નથી.મુખ્ય મંત્રીએ ઉમેર્યું કે કોરોના સાથે કોરોના સામે જીવવાની અને રોજિંદી પ્રવૃત્તિઓ કરવાની સાથે સાવચેતી સલામતી માટે માસ્ક, સેનીટાઇઝર, સોશિયલ ડિસ્ટન્સિગ પણ લોકો અપનાવે છે તેના પરિણામે રાજ્યમાં સંક્રમણનો વ્યાપ પ્રમાણમાં વધ્યો નથી. રાજ્ય સરકારે પણ સઘન આરોગ્યલક્ષી ઉપાયોની અને સંક્રમિતોની સારવારની જે વ્યવસ્થાઓ ઊભી કરી તેના પરિણામે પેશન્ટ રિકવરી રેટ ૮૫ ટકા અને મૃત્યુદર ૨.૫ ટકા સુધી લઈ જવામાં સફળતા મળી છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪૦૪ કેસ

કોરોનાને લીધે ૧૨નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૧૪૪૭૬ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૩૧નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૧૬

ગાંધીનગર,તા.૨૮

રાજયમાં ૨૪ કલાકમાં ૬૧,૩૧૬ ટેસ્ટ કરાતા ૧૪૦૪ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧ લાખ ૩૪ હજાર ૬૨૩ થયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨ ના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૪૩૧ થયો છે. રાજ્યમાં આજે ૧૩૩૬ દર્દી સાજા થતા કુલ ડિસ્ચાર્જ ૧,૧૪,૪૭૬ થયો છે. રાજ્યમાં આજનીસ્થિતિએ ૧૬,૭૧૬ કોરોના એક્ટિવ કેસ છે જેમાં ૯૧ વેન્ટીલેટર પર અને ૧૬,૬૨૫ સ્ટેબલ છે. રાજ્યમાં સતત ૨૫ દિવસોથી કોરોનાના કેસો ૧૪૦૦ની સપાટી વટાવી રહ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૨,૯૩,૭૨૪ કુલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લાઓમાં આજની તારીખે ૫,૯૮,૬૭૩ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. જેમાં ૫,૯૮,૧૬૬ લોકોને હોમ ક્વોરન્ટાઈન અને ૫૦૭ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે. રાજ્યમાં આજ રોજ ૧૨ દર્દીના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૩ અને ગ્રામ્યમાં ૨, રાજકોટ શહેરમાં ૨, વડોદરા શહેરમાં ૧, ભરુચમાં ૧ મોત કોરોનાનાં કારણે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૮૦ અને જિલ્લામાં ૩૦ સાથે કુલ ૨૧૦ કેસ પોઝિટિવ આવ્યા છે. શહેરમાં આ સાથે ૩૬૪૫૬ કુલ કોરોના સંક્રમિતના કેસ નોંધાયા છે. આજે ૩ના મોત અમદાવાદમાં થતા કુલ મૃત્યુઆંક ૧૮૦૭ થયો છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૨૬ સાથે કુલ ૩૦૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૨૮૩૬૦ થયો છે. જ્યારે આજે સુરતમાં ૫ મોત નોંધાતા ૭૬૧ કુલ મોત થયા છે. વડોદરા શહેરમાં ૧૦૨ અને જિલ્લામાં ૩૯ સાથે કુલ ૧૪૧ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિત ૧૧૮૧૪ થયો છે. આજે ૧ના મોત થતા કુલ ૧૮૨ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૧૦૬ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૪૮ કેસ નોંધાતા કુલ સંક્રમિત ૮૭૮૪ થયા છે. આજે ૨ મોત નોંધાતા કુલ મોત ૧૩૭ થયા છે.

કોવિડ-૧૯ માટેની ખાનગી હોસ્પિટલો દર્દીથી ઉભરાઈ

શહેરમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. જેના પરિણામરુપે ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. કેટલીક હોસ્પિટલો તો એવી છે જેમની પાસે એક બેડ પણ ખાલી નથી. બીજી તરફ સરકાર દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં બેડ ખાલી છે, પરંતુ સ્થિતિને જોતા મોટાભાગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું પસંદ કરી રહ્યા છે. ગોતામાં રહેતા શ્રેય ચાવડાની (નામ બદલ્યું છે) વાત કરીએ તો, રવિવારે સાંજે એસજી રોડ પાસે આવેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં પોતાની કોરોનાથી સંક્રમિત માતા માટે આઈસીયુ બેડ શોધવા તેણે અહીંયાથી ત્યાં દોડધામ કરી હતી. મારી માતાની તબિયત લથડતી જઈ રહી હતી અને ડોક્ટરોએ કહ્યું કે, તેને આઈસીયુ કેરની જરૂર છે. હોસ્પિટલ પાસે આઈસીયુ બેડ ન હોવાથી અમારે તેવી હોસ્પિટલ શોધવી પડવી જ્યાં તેને દાખલ કરી શકાય', તેમ ચાવડાએ કહ્યું હતું. 'ઘણા કલાકો સુધી દોડધામ કર્યા બાદ આખરે તેને એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ચાવડાનો કિસ્સો જટિલ એટલા માટે હતો કારણ કે તેના પિતા પહેલાથી જ કોવિડ-૧૯ હોસ્પિટલમાં જીવન માટેની લડાઈ રહ્યા હતા. બેડના અભાવના કારણે તેના માતા-પિતા એક જ હોસ્પિટલમાં સાથે રહી શક્યા નહીં. શહેરમાં સપ્ટેમ્બરમાં સરેરાશ ૧૫૪ કેસોની સરખામણીમાં શનિવારે અને રવિવારે અનુક્રમે ૧૭૫ અને ૧૭૮ કેસ નોંધાયા હતા. સપ્ટેમ્બર મહિનામાં શહેરમાં ૮૭ મૃત્યુ નોંધાયા હતા, જે સુરતના ૫૩ અને વડોદરાના ૩૧ કરતાં વધારે છે. આ પરિસ્થિતિનો સામનો કરનાર ચાવડા એકલો નથી, કેસોમાં વધારો થતાં ખાનગી હોસ્પિટલોમાં બેડ શોધવા તે એક અઘરુ કામ બની ગયું છે. સરકાર દ્વારા સંચાલિત સિવિલ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલના વહીવટદારોએ કહ્યું કે, તેમણે આવી સમસ્યાનો સામનો કર્યો નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પશ્ચિમ અમદાવાદના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવારને પ્રાથમિકતા આવે છે અને કેસમાં વધારો થતાં તેની અસર હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જોવા મળે છે.

પટેલના મુવાડામાં આંધણી ચાકણ હેરાફેરીમાં આરોપીના રિમાન્ડ લેવાશે

બાયડ, તા. ૨૮

બાયડ તાલુકાના પટેલના મુવાડા ગામથી દુર્લભ આંધણી ચાકણ હેરાફેરીનો પર્દાફાશ થયો છે. વન વિભાગની ટીમે આંધણી ચાકણ તેમજ કાચબા સાથે પકડાયેલા આરોપી દ્વારકાભાઈ જયંતિલાલ પટેલને રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવાની તજવીજ શરૂ કરી છે. આરોપી સાથે અન્ય કોઈ વન્ય પ્રાણીઓની તસ્કરી કરનાર ગેમની સંડોવણી છે કે કેમ તેની તપાસ કરવામાં આવે તો અન્ય નામો પણ બહાર આવી શકે તેમ છે. વન્ય જીવોને ગેરકાયદેસર કોનજી રાખવા તેમજ હેરાફેરીની ઉંડી તપાસમાં મેઘરજ અને

બાલાસિનોરના બે ઈસમોની ગમે ત્યારે ધરપકડ થવાના એંધાણ વર્તાયા છે. સમગ્ર પ્રકરણમાં આર.એફ.ઓ ફુલેત્રાને કામગીરી સામે અનેક સવાલો ઉઠયા છે. આરોપીનો કોરોના ટેસ્ટ કરાવ્યા પછી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

વધુ ૧૮... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આદિવાડા ગામેથી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૪માં રહેતા અને નાણાં વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સંવેદનશીલ ગણાતા સે. ૪ માંથી આજે એકી સાથે ૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં તંત્ર સતર્ક બની ગયુ છે અને સેક્ટરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. સે. ૭ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા ૩૨ વર્ષીય કર્મયોગી તેમજ આ જ પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતી અને સે. ૪ માં રહેતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આઈ.ટી. એક્સપર્ટ તરીકે કામ કરતા અને સે. ૪ માં રહેતા ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કર્ણાવતી ડેન્ટલ કોલેજમાં એડમીનીસ્ટ્રેટર તરીકે ફરજો બજાવતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૫ માં રહેતા અને આઈ.ટી. ડેવલપર તરીકે સેવાઓ આપતી ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૩ માંથી આજે ૩ કેસ મળ્યા છે. એક ૫૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીની તેમજ ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. કોમ્પ્યુટરની ઈન્ફોસીટી ખાતે કામગીરી કરતા ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. સે. ૨૧માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સાદરા નર્સિંગ હોમમાં કમ્પાઉન્ડર તરીકે ફરજો બજાવતા અને સે. ૨૫માં રહેતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવારત ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૪૪ વર્ષીય મહિલા એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને મહિલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. નંદા ઓટોમોબાઈલ્સમાં નોકરી કરતા અને સે. ૨૯ માં રહેતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ આજે ૧૩૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરમાં વધતા જતા કેસો સામે રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં ૧૦૩૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

રીનોવેશનનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી જે રીનોવેશન હેઠળ લઈ શકાય હોય તેવા મકાનોનુ મજુબીકરણ પણ કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે સે-૧૩ માં જ કક્ષાના ૧૨ અને સે-૭ માં ચ-૧ કક્ષાના ૭ મકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરાશે. આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો મેળવવા માટે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. જયારે શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસો પુરતા નથી જેના લીધે કર્મચારીઓ પણ લાંબા સમયથી પ્રતિક્ષા યાદીમાં છે. આવા સંજોગોમાં ટુંકમાં નવા આવાસોના નિર્માણ માટે ટુંકમાં નવી સાઈટની પસંદગી પણ કરવામાં આવશે.

વાંધો ઉઠાવ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમુદ્રમાં આશરે ૧.૩ મિલિયન ચોરસ માઈલ પર ચીન તેનો દાવો કરે છે. ચીન આ વિસ્તારમાં કૃત્રિમ ટાપુઓ પર લશ્કરી મથકો બનાવી રહ્યું છે જે બ્રુનેઇ, મલેશિયા, ફિલિપાઇન્સ, તાઇવાન અને વિયેટનામનો દાવો પણ કરે છે. બેઇજિંગે તાજેતરના વર્ષોમાં પડોશી રાષ્ટ્રો દ્વારા આ વિસ્તારમાં માછીમારી અને ખનિજ ખાણકામ જેવી પ્રવૃત્તિઓને અવરોધિત કરી છે અને કહ્યું છે કે આ સ્રોતથી સમૃદ્ધ દરિયાઇ ક્ષેત્ર તેની માલિકીની સેંકડો વર્ષોથી છે.

નાક માર્ગે...● અનુસંધાન પહેલાનું ચાલુ

સરળ બનશે. ઈન્ટ્રોજન વેક્સીન વિશે વિગતવાર સમજીએ તો, ઉંદરોના એક સમૂહને ઈન્જેક્શન દ્વારા વેક્સીન આપવામાં આવી. પછી SARS-CoV-2થી એક્સપોઝ કર્યા બાદ ફેફસામાં વાયરસ નથી મળ્યા પરંતુ વાયરલ આરએનએના કેટલાક ભાગ જરુર મળ્યા છે. જેની સામે ઉંદરોને નાક દ્વારા વેક્સીન આપવામાં આવી હતી, પરંતુ તેમના ફેફસા પર આએનએની અસર નથી થઈ. સ્ટડીઝ એ પણ જણાવે છે કે નેઝલ વેક્સીન એલજીસી અને મ્યુકોસલ એલજીએ ડિફેન્ડર્સને પણ વધારે છે જે વેક્સીનને અસરદાર બનાવવામાં મદદરુપ થાય છે. સામાન્ય રીતે ઈન્ટ્રામસ્કુલર (ઈન્જેક્શનવાળી) વેક્સીન નબળા મ્યુકોસલ રિસ્પોન્સ ટ્રિગર કરે છે કારણ કે તેના બાકી અંગોની ઈમ્યુન સેલસને ઈન્જેક્શનની જગ્યાએ લાવવાનું રહેશે. સામાન્ય વેક્સીન કરતા આને મોટા પ્રમાણમાં બનાવવું અને ડિસ્ટ્રીબ્યુટ કરવું સરળ છે. એટલે કે ઝડપથી કોરોના વાયરસની રસી લોકો સુધી પહોંચાડી શકાય છે. જેમાં એ જ પ્રોડક્ટ ટેક્નિકનો ઉપયોગ થાય છે જે ઈન્ફ્લુએન્ઝા વેક્સીનમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

અનલોક-૫... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓક્ટોબરથી વધુ આર્થિક પ્રવૃત્તિઓને મુક્તિ મળી શકે છે. મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં પીએમ મોદીએ પણ આગ્રહ કર્યો હતો કે કન્ટેન્ટમેન્ટ અને લોકડાઉન એવી રીતે કરવામાં આવે જેથી કોવિડ -૧૯ નો ફેલાવો અટકી જાય. તેમણે એમ પણ કહ્યું હતું કે આને કારણે આર્થિક પ્રવૃત્તિઓ સમસ્યા ન આવે.

૨૫ માર્ચથી દેશના તમામ સિનેમા હોલ બંધ છે. મલ્ટીપ્લેક્સ્ડ એસોસિએશન દ્વારા ઘણી વખત અપીલ કરવામાં આવી હતી પરંતુ ગૃહ મંત્રાલયે ૨૧ સપ્ટેમ્બરથી ફક્ત ખુલ્લા એર થિયેટર ખોલવાની મંજૂરી આપી હતી. ઓગસ્ટમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અમિત ખરેએ ગૃહ મંત્રાલયને સિનેમાઘરોમાં બેઠક આયોજન માટેની પ્લાન મોકલ્યા હતા. તદનુસાર, દર્શકોને એક સિટ છોડીને બીજી સિટમાં બેસાડાય જેથી સામાજિક અંતર જાળવી શકાય. શનિવારે, પશ્ચિમ બંગાળએ પહેલી ઓક્ટોબરથી સિનેમા હોલ ખોલવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકાર સાવધાની સાથે દેશભરના થિયેટરોને ખોલવાની મંજૂરી આપી શકે છે.

ઐંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો અને શિવસેના એનડીએમાંથી બહાર નીકળી ગઈ હતી. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં પાર્ટીએ રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવવા માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ સાથે હાથ મીલાવ્યો હતો. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ અને એનસીપીના નેતાઓની આ મુલાકાતે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ત્રણેય પક્ષના નેતાઓએ પોતાને એવી કોઈ પણ કામગીરીમાં સામેલ થવા દેવા ન જોઈએ જેની અસર આઘાડી ગઠબંધન પર થાય અથવા મહારાષ્ટ્ર સરકાર પર સવાલ ઉઠે. થોરાટે ભારપૂર્વક કહ્યું કે કોંગ્રેસ કૃષિ બિલોનો વિરોધ કરે છે આથી આ બિલ મહારાષ્ટ્રમાં લાગુ થવું જોઈએ નહીં.

કલોલમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે ગાંધીનગર મામલતદાર ઓફિસમાં એ.ટી.વી.ટી. કોમ્પ્યુટર ઓપરેટર સુનિલ આચાર્યનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત માણસા તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધિકારી તરીકે ફરજો બજાવતા અશ્વિનભાઈ પટેલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાની કચેરીઓમાં પણ હવે કોરોના પ્રવેશી ચુક્યો છે. અગાઉ કલેક્ટર કચેરીમાં એક ડેપ્યુટી કલેક્ટર અને નાયબ મામલતદારનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. સેવાસદનના કર્મયોગીઓમાં વધતા જતા સંક્રમણને પગલે જિલ્લા કલેક્ટર દ્વારા તા. ૨૯મીના રોજ કલેક્ટર કચેરીમાં બેસતી તમામ શાખાના કર્મચારીઓનો કોરોના ટેસ્ટ કરવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. નગરની વિવિધ કચેરીઓમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે.

સરકાર કહે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માણસા તાલુકાના માણેકપુર ગામેથી ૩૮ વર્ષીય ગૃહીણી અને માણસા અર્બન વિસ્તારમાંથી ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ તાલુકામાંથી આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. તેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા છે જ્યારે કલોલ અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. કલોલ તાલુકાના ગોલથરા ગામેથી ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. છત્રાલ ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો ધમાસણા ગામેથી ૮૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૮ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાતંત્રએ ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ૧૯૮૫ દર્દીઓ કોરોના મુક્ત થયા હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

જિલ્લામાં હાલ ૧૫૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રએ જણાવ્યુ છે. જોકે જિલ્લામાં કેસો ઘટી રહ્યાનું જણાવતુ તંત્રના આંકડાઓમાં જિલ્લામાં આજે